સર્વ સંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન
અનુદાન આપવાની સમરસ ગામ યોજના બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :-સમર/૧૦૨૦૧૫ /૧૮૨૫/ગ
સચિવાલય,ગાંધીનગર
તારીખ: -૦૫/૧૨/૨૦૧૫

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૪/૦૭/૧૯૯૨નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫ /ગ.
(૨) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૦૩/૧૦/૧૯૯૬નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫ /ગ.
(૩) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૯/૧૦/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫ /ગ.
(૪) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૦૪/૧૨/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫ /ગ.
(૫) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૪/૦૩/૨૦૦૨નો સુધારા ક્રમાંક ચટણ/૧૦૯૧/૮૫ /ગ.
(૬) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫( પાર્ટ-૧)/ગ.
(૭) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૬/૦૭/૨૦૦૩નો સંકલિત ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૧૭૨૧/ગ.
(૮) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૯/૦૩/૨૦૦૪નો સુધારા ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫ (પાર્ટ-૧) /ગ.
(૯) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૩૧/૦૮/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:- સમર/૨૦૦૨/મંત્રી- ૧૪/ગ.
(૧૦) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૦૭ /૧૧ /૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫/ગ.
(૧૧) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૬/૧૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:- પરચ/૧૦૨૦૦૫/ ૨૩૮૦/ગ.
(૧૨) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૦ /૧૦/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૯૧/૮૫/ગ.
(૧૩) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૬ /૦૩ /૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૨૦૦૭ /૨૯૧૨ /ગ.
(૧૪) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૯/૧૧/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૧૧/૧૬૭૪/ગ.
(૧૫) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૧/૦૨ /૨૦૧૩નો સુધારા ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૧૧ /૧૬૭૪ (પાર્ટ-૧) /ગ.
(૧૬) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૧/૧૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૧૧/૧૬૭૪/ગ.

**આમુખ:-**

ગુજરાત રાજ્યમાં તા.૦૧/૦૪/૧૯૬૩થી ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં આવેલ છે. આ પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત પાયાનો એકમ છે. ગ્રામ પંચાયતની ચૂંટણીઓ સર્વ સંમત્તિ અને વિના વિરોધે થાય તો વિકાસ માટેનું હકારાત્મક વાતવરણ સર્જાઈ શકે અને ગામ કક્ષાએ સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાથી સ્થાનિક પ્રજા વિકાસના કામોમાં ઉત્સાહ ભેર ભાગ લે તેવા ઉમદા અને શુભ હેતુથી તા.૧૪/૦૭/૧૯૯૨થી ગુજરાત રાજ્યમાં સમરસ ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાના પ્રોત્સાહક પરિણામો અને ગ્રામ પંચાયતના વિસ્તારના નાગરિકોમાં વધુ ને વધુ બળવતર થતી સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાની ભાવના તેમજ આવી ગ્રામ પંચાયતોએ હાંસલ કરેલી વિકાસના કામોની સિધ્ધિઓથી પ્રોત્સાહિત થઈને રાજ્ય સરકાર દ્વારા આ સમરસ યોજના હેઠળ આપવામાં આવતા પ્રોત્સાહક અનુદાનની રકમમાં સંદર્ભમાં દર્શાવેલ વિભાગના વખતો વખતના ઠરાવોથી સમયાંતરે વધારો કરવામાં આવેલ છે.

હાલમાં પ્રવર્તમાન ઠરાવો અને પરિપત્રોને લક્ષમાં લેતાં એકજ વિષયના જુદા જુદા સમયે થયેલ ઠરાવો અમલમાં છે. જેને કારણે ઠરાવની જોગવાઈઓનું અર્થઘટન કરવામાં મુશ્કેલીઓ થાય છે અને યોજનાના અમલીકરણમાં વિસંગતતા ઉભી થાય છે. જેનાં કારણે સામાન્ય નાગરીકને યોજનાના લાભો સરળતાથી પ્રાપ્ત થઈ શકતા નથી. આથી આ સંદર્ભમાં એક વિષય પરત્વેના સરકારી તમામ પરિપત્રો/ઠરાવો સંકલિત કરવા અને એક જ સંકલિત ઠરાવ/પરિપત્ર બહાર પાડવા માટે આઠમી ચિંતન શિબિરમાં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા સુચન કરવામાં આવેલ છે. તદ્નુસાર સર્વ સંમત્તિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવાની સમરસ ગ્રામ યોજના અંગેના હાલના પ્રવર્તમાન તમામ ઠરાવો સંકલિત કરી અને તે તમામ ઠરાવો રદ કરી આ યોજના માટે એક જ સંકલિત ઠરાવ બહાર પાડવા માટે વિકાસ કમિશ્નરશ્રી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સર્વ સંમત્તિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવાની સમરસ ગ્રામ યોજના અંગેના સંદર્ભમાં દર્શાવેલ તમામ ઠરાવો /સુધારા ઠરાવ તેમજ આ યોજનાને આનુષાંગિક અન્ય તમામ હુકમો/પરિપત્રો રદ કરવામાં આવે છે, અને સર્વ સંમત્તિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવાની સમરસ યોજના અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) સમરસ ગ્રામ યોજના અન્વયે સર્વ સંમત્તિથી ચૂંટાતી ગ્રામ પંચાયતને પ્રોત્સાહીત કરવા માટે આપવાની થતી પ્રોત્સાહક અનુદાનની રકમ સંદર્ભ-૧૪ સામે દર્શાવેલ તા.૨૯/૧૧/૨૦૧૧ના

ઠરાવથી નક્કી કરવામાં આવેલ તે જ રકમ નીચે દર્શાવ્યા મુજબની વિગતે આપવાનું નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | વસ્તીના ધોરણ મુજબ સમરસ જાહેર થતી ગ્રામ પંચાયત | સામાન્ય એટલે કે જે ગ્રામ પંચાયતમાં પુરૂષ અને મહિલા એમ બંન્ને લીંગના સભ્યો હોય તેવી સમરસ ગ્રામ પંચાયતને સુધારેલ ધોરણ મુજબ મળવાપાત્ર પ્રોત્સાહક અનુદાનની રકમ રૂ. લાખમાં | મહિલા સમરસ ગ્રામ પંચાયત એટલે કે સરપંચ સહિતની ગ્રામ પંચાયતની તમામ સભ્યો મહિલા હોય તેવી ગ્રામ પંચાયતને સુધારેલ ધોરણ મુજબ મળવાપાત્ર પ્રોત્સાહક અનુદાનની રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧. | ૫૦૦૦ સુધીની વસ્તી ધરાવતા ગામની ગ્રામ પંચાયત પહેલી વખત બીન હરીફ ચૂંટાયેલ જાહેર થઈ સમરસ બને તો | રૂ.૨.૦૦ લાખ | રૂ.૩.૦૦ લાખ |
| ૨. | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધીની વસ્તીવાળી ગ્રામ પંચાયત પહેલી વખત બિનહરીફ ચૂંટાયેલ જાહેર થઈ સમરસ બને તો | રૂ.૩.૦૦ લાખ | રૂ.૫.૦૦ લાખ |

પ્રથમવાર સમરસ થતી સામાન્ય તથા મહિલા ગ્રામ પંચાયતને ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં ધોરણ -૮ની સગવડ ન હોય તો, ધોરણ -૮ની અગ્રિમતાથી મંજુરી આપવામાં આવશે.

સતત બીજીવાર સમરસ થતી સામાન્ય તથા મહિલા ગ્રામ પંચાયતને પ્રથમ વખતની પ્રોત્સાહક અનુદાનની રકમમાં ૨૫%નો વધારો તથા સી.સી. રોડની આધુનિક સુવિધા પુરી પાડવા માટે રૂ.૨.૦૦/- લાખ આપવામાં આવશે.

સતત ત્રીજીવાર સમરસ થતી સામાન્ય તથા મહીલા ગ્રામ પંચાયતને બીજી વખતના પ્રોત્સાહક અનુદાનની રકમમાં ૨૫%નો વધારો તથા ગામમાં સોલાર સ્ટ્રીટ લાઈટની સુવિધાની જોગવાઈને બદલે ગટર વ્યવસ્થા અને પીવાના પાણીની કામગીરી બાકી હોય તો તે માટે અને તે પૂર્ણ થયા બાદ જો રકમ વધે તો ગામના જાહેર સ્થળો (શાળા, પંચાયત ઘર , આંગણવાડી, ડેરી વગેરે )ને જોડતાં આંતરીક રસ્તાને પેવર બ્લોકથી જોડવાની સુવિધા માટે રૂ.૩.૦૦/- લાખ આપવામાં આવશે.

૨. સામાન્ય ચૂંટણીઓના સમયે (૧) ઉમેદવારી પત્રો ભરાવાથી કે બધા ઉમેદવારી પત્રો રદ થાય/ પાછા ખેંચાય તો તે બેઠક પાછળથી બિનહરીફ થાય અને બધા ઉમેદવાર બિનહરીફ થયા હોય તો અને (૨) ગામમાં અનૂસૂચિત જાતિ/અનૂસૂચિત જન જાતિ /સામજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત બેઠક હોય પરંતુ તેમની વસ્તી ન હોવાના કારણોસર જગ્યા ખાલી રહે તે સંજોગોમાં આ

જગ્યા રદ ન થાય ત્યાં સુધી સમરસ ગણાતી નથી તેથી આ પ્રકારના કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સ્વસહી પ્રમાણપત્ર (જે તે અનામત વર્ગની વસ્તી ન હોવાથી જગ્યા ભરી શકાયેલ નથી) આપી તેવી ગ્રામ પંચાયતોને સમરસ ગણીને સમરસ યોજનાનો લાભ આપવાનું ઠરાવવામાં આવે છે.

**શરતો:-**

(૧) સમરસ ગ્રામ પંચાયતની યોજના અન્વયે પ્રથમ વખત સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોને" સમરસ ગ્રામ પંચાયતનો પ્રથમ તબક્કો" અને સતત બીજીવાર સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોને ઉપર જણાવ્યા મુજબનો" સમરસ ગ્રામ પંચાયતનો બીજા તબક્કા" નો એવોર્ડ અને સતત ત્રીજીવાર સમરસ થતી ગ્રામ પંચાયતોને" સમરસ ગ્રામ પંચાયનો ત્રીજા તબક્કા" નો એવોર્ડ એનાયત કરવામાં આવશે.

(૨) મહિલા સમરસ ગ્રામ પંચાયત એટલે સર્વ સંમતિથી ચૂંટાતી સરપંચ સહિત તમામ ગ્રામ પંચાયતના સભ્યો મહિલા હોય તેવી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત તરીકે ગણવાની રહેશે.

(૩) સમરસ ગ્રામ પંચાયત માટે સર્વસંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોના કિસ્સામાં રેકર્ડ આધારે ખરાઈ કરીને સમરસ પંચાયત અંગેનું પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારી કક્ષાએથી ચૂંટણી અંગેના અધિકૃત રેકર્ડના આધારે જરૂરી ચકાસણી કરીને આપવાનું રહેશે, અને સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સમરસ ગ્રામ યોજના હેઠળ આપવાના પ્રોત્સાહક અનુદાન માટેની જરૂરી દરખાસ્ત કરવાની રહેશે.

(૪) આવી ગ્રામ પંચાયતોમાં ખૂટતી સગવડો માટે જિલ્લા આયોજન મંડળ, ગોકુળ ગ્રામ યોજના, પંચવટી યોજના વગેરે તરફથી ઉપલબ્ધ નાણાંકિય જોગવાઈમાંથી વિકાસના કામો માટે પ્રાથમિકતા આપવામાં આવશે તેમજ સમરસ ગ્રામ પંચાયત યોજના અંતર્ગત મળવાપત્ર પ્રોત્સાહક અનુદાનની રકમનો ભારત સરકાર કે રાજ્ય સરકારની અન્ય યોજના માટે ફાળવેલ અનુદાન ઉપરાંત મેંચીગ ગ્રાંટ /લોકફાળા તરીકે ઉપયોગ કરી શકાશે.

(૫) આ પ્રોત્સાહક અનુદાન ચૂકવવાની કામગીરી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરવાની રહેશે, અને આ અંગેની દરખાસ્તો સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ સર્વ સંમતિથી બિનહરીફ ચૂંટાયેલ ગ્રામ પંચાયતના કિસ્સામાં ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય તે પછીના ૧૫ દિવસમાં સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અચૂકપણે કરવાની રહેશે.

(૬) પ્રોત્સાહક અનુદાનની રકમનો ગામના સ્થાનિક વિકાસના કામોમાં ગામના સ્થાનિક રહીશોની બનેલી ગ્રામસભા દ્વારા ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવશે. ગ્રામસભાએ વિકાસના કામો નક્કી કરતી વખતે ગામમાં ઉપલબ્ધ સગવડો ધ્યાનમાં રાખી તે સિવાયનાં વિકાસના કામો હાથ ધરવાનું વિચારવાનું રહેશે.

(૭) પ્રોત્સાહક અનુદાનની રકમનો ઉપયોગ ગામના સામુહિક વિકાસના કામો જેવા કે શુધ્ધ પીવાના પાણીની યોજના , આંતરિક એપ્રોચ રસ્તા , સ્ટ્રીટ લાઈટની સુવિધા ,પ્રાથમિક શાળના ઓરડા, આરોગ્ય કેન્દ્રની સુવિધા, જળ સંચયની યોજના, પંચાયત ઘર, જાહેર શૌચાલય , દુષિત પાણીના નિકાલની વ્યવસ્થા જેવી પ્રાથમિક સુવિધા માટે કરવાનો રહેશે.

(૮) ગ્રામજનોની સર્વ સંમતિથી આ રકમનો ઉપયોગ ગામના અનૂસૂચિત જાતિ/અનૂસૂચિત જન જાતિની વસ્તીવાળા વિસ્તારમાં વાપરવા માટે પ્રાથમિકતા આપવી.

(૯) આ રકમનો ઉપયોગ ગ્રામસભામાં મુકીને નક્કી કરવામાં આવે જેથી ગ્રામજનો ગ્રાન્ટના ઉપયોગ અંગે માહિતગાર રહે.

(૧૦)નાણાંના ઉપયોગ અંગે જે તે કામ સંતોષકારક થયા અંગેનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી મેળવવાનું રહેશે.

(૧૧) સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બિનહરીફ ગ્રામ પંચાયતના નાણાં સંબંધિત ગ્રામ પંચાયતને મળી ગયા છે તેની ખાતરી કરી લેવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૨ ) ગ્રામકક્ષાએ થયેલ વિકાસના કામોમાં નાણાં જે હેતુ અર્થે વપરાય તે ગ્રામકક્ષાએ તલાટી-કમ મંત્રીએ ખાસ જોવાનું રહેશે તેનો અહેવાલ તાલુકા/જિલ્લા કચેરીને તથા સંબંધિત તાંત્રિક અને ઉપરની વહીવટી કચેરીને સમય-મર્યાદામાં આપવાનો રહેશે.

(૧૩) સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ પોતાનો જિલ્લાવાર પ્રગતિ અહેવાલ તૈયાર કરી વિકાસ કમિશ્નરશ્રી મારફત પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ વિભાગને રજુ કરવાનો રહેશે.

૩. ઉપર જણાવેલ શરતો હોવા છતાં સમરસ ગામનો દરજ્જો મેળવનાર ગામને જે નાણાં અપાય છે. તેના ઉપયોગ અંગે કેટલાક પાયાના પ્રશ્નો જેમ કે નાણાંનો ઉપયોગ, આયોજન વિકાસને લગતું કોઈ કામ કરવાનું હોય તો પ્લાન કોણ તૈયાર કરશે વગેરે પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે.આના ઉકેલ માટે ફિલ્ડ લેવલના વિવિધ અધિકારીઓ સહિતની રાજ્ય કક્ષાએ નીચે જણાવેલ અધિકારીશ્રીઓની સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | વિકાસ કમિશ્નરશ્રી | અધ્યક્ષ |
| (૨) | સંયુકત સચિવશ્રી /નાયબ સચિવશ્રી,પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |
| (૩) | સંયુકત સચિવશ્રી /નાયબ સચિવશ્રી (આયોજન), નાણાં વિભાગ | સભ્ય |
| (૪) | સંયુકત સચિવશ્રી /નાયબ સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ | સભ્ય |
| (૫) | અધિક વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી | સભ્ય |
| (૬) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા/ વડોદરા | સભ્ય |
| (૭) | હિસાબી અધિકારીશ્રી, વર્ગ-૧ , વિકાસ કમિશ્નરશ્રીની કચેરી | સભ્ય |
| (૮) | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મહેસાણા/વડોદરા | સભ્ય |
| (૯) | હિસાબી અધિકારીશ્રી, વડોદરા | સભ્ય |
| (૧૦) | કાર્યપાલક ઈજનેરશ્રી-૧, જિલ્લા પંચાયત , વડોદરા | સભ્ય |
| (૧૧) | સંયુકત સચિવશ્રી /નાયબ સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |
| (૧૨) | મદદનીશ વિકાસ કમિશ્નરશ્રી, (કાયદા/પંચાયત ) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી | સભ્ય સચિવ |

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક :-૭૦ મુખ્ય સદર -૨૫૧૫-અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ ગૌણ સદર –૮૦૦- અન્ય ખર્ચ પેટાસદર -૦૧, સીડીપી-૧૧, પંચાયતોની ચૂંટણી હેઠળ આયોજન સદરની ગ્રાન્ટમાંથી મેળવવાના રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૩૦/૧૦/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એમ.શેખ )
સંયુકત સચિવ
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના, અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- વિકાસ કમિશ્નરશ્રી,બ્લોક નં:-૧/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,લોકલ ફંડ ઓડીટ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.(જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- સર્વે નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી (આઈટી,પંચાયત) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર...તરફ વિભાગની વેબ સાઈટ ઉપર તાત્કાલિક પ્રસિધ્ધ કરવાની વિનંતીસહ...
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- પસંદગી ફાઈલ.